## જન્મદિને વધામણી



સુરેશ પ્રા ભટ્ટ
કોલમિસ્ટ, ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૬૨૫૧
મો. ૯૯૭૮૯ ૨૬૨૫૧



યજ્ઞેશ ભવાનીશંકર ગોર
મો. ૯૮૨૫૭ ૨૭૮૫૬



કેતન ભાવસાર
પૂર્વ પ્રમુખ, જુનિયર ચેમ્બર
મો. ૯૮૨૪૩ ૩૯૬૯૩



ચેતના બી પંડ્યા
લાયોનેસ ક્લબ



ધાત્રી પ્રવીણકુમાર દરજી
મો. ૯૮૯૯૮ ૫૫૫૮૬

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

# આરાધના વિદ્યાવિહાર ખાતે નવચેતના શિબિર યોજાઈ



ગાંધીનગર, તા. ૨૭

ભારતીય સંસ્કૃતિને ઋષિમુનિઓએ આપેલી અણમોલ વિરાસત અને પ્રાચીન ભારતે વિશ્વને આપેલી અનુપમ ભેટ એટલે યોગ. આર્ટ ઓફ લિવિંગ સંસ્થાના સંયુક્ત ઉપક્રમે મંગળ-બુધવારે બે દિવસીય નવચેતના શિબિર આરાધના વિદ્યાવિહાર, સેક્ટર-૨૮ ખાતે યોજવામાં આવી હતી. શાળાના માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓને કુસુમબેન જોષી દ્વારા યોગ, પ્રાણાયામ અને ધ્યાન કરાવી માનસિક અને શારીરિક સ્વસ્થતા કેળવી અભ્યાસમાં સફળતા પ્રાપ્ત કરવાની સુંદર પ્રત્યક્ષ સમજ અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આચાર્યએ આ પ્રસંગે વિદ્યાર્થીઓને યોગને દૈનિક જીવનમાં સ્થાન આપવાનો સંદેશ આપવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે તમામ શિક્ષકો અને વહીવટી સ્ટાફ દ્વારા જહેમત ઊઠાવવામાં આવી હતી.

### એસ.જી. - એસ.વી. અંગ્રેજી શાળામાં

# મોબાઈલ-ઈન્ટરનેટ જાગૃતિ માટે રેલી યોજાઈ






એસ.જી.અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં બુધવારના રોજ ધોરણ-૬થી૮ના મોબાઈલ અને ઈન્ટરનેટના દૂષણોથી જાગૃત થાય તે હેતુથી વિદ્યાર્થીઓએ મોબાઈલ અને ઈન્ટરનેટના સ્લોગનના બેનરો બનાવી ગાંધીનગરના સેકટરોમાં રેલીનું આયોજન કર્યું હતું.

# એસ કે પટેલ શાળામાં 'ફેન્સી ડ્રેસ' દિવસની દબદબાભેર ઉજવણી



કડી સર્વવિદ્યાલય સંચાલિત એસ.કે.પટેલ ઈંગ્લિશ મીડિયમ શાળામાં 'ફેન્સી ડ્રેસ' દિવસની ઉજવણી કરવામાં આવી હતી. બાળકો જુદા-જુદા પત્રો જેવા કે, નરેન્દ્રમોદી, બાહુબલી, નારદમુની, અમૂલ ગર્લ, વોટર ડ્રોપ, ટ્રાફિક લાઈટ, વોટ્સ અપ, ભરવાડ, ઝાંસી કી રાણી, દૂધવાળો, ભૂત, છોટા ભીમ, , મિકીમાઉસ, બટરફ્લાય, સાઉદીઅરેબિયન, રાજપૂતની, પાઈલોટ, મહાત્મા ગાંધીજી, ભીમ, નેશનલ ફ્લેગ, પપૈયાં, મેંગો, રોઝ, સ્પાઈડર મેન, સાન્તા ક્લોઝ, પોલીસ, ડોક્ટર, ટીચર, પરી, મોર, રાધા વગેરેનો ડ્રેસ પહેરીને આવ્યા હતા. શિક્ષિકાઓએ પણ બાળકોને દરેક પાત્રોના કામ અને જીવનમાં તેમના સામાજિક મહત્વ અંગેની જાણકારી આપીને તેમની જરૂરિયાત અંગે બાળકોને માહિતગાર કર્યા હતા. બાળકોની કાલ્પનિક વિચારશક્તિને બહાર લાવવાના હેતુથી 'ફેન્સી ડ્રેસ' નું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાપરિવાર દ્વારા આયોજિત 'ફેન્સી ડ્રેસ' ના આ અનોખા કાર્યક્રમને બાળકોએ ભરપૂર માણ્યો હતો.

### કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બીબીએ કોલેજ દ્વારા

# "એક્ષ્પોર્ટ પ્રોસીઝર એન્ડ ડોક્યુમેન્ટેશન" સર્ટીફીકેટ કોર્સની પ્રથમ બેચનો પ્રમાણપત્ર વિતરણ કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા. ૨૭

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બીઝનેસ ઍડમિનીસ્ટ્રેશન (બીબીએ) કોલેજ દ્વારા ધો.૧૨ ઉતીર્ણ વિદ્યાર્થીઓ માટે સર્ટીફીકેટ કોર્સ શરુ કરવામાં આવ્યો હતો. જેમાં બીબીએમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ તાલીમ મેળવી. ત્યારબાદ તેઓનું પ્રેક્ટીકલ તેમજ થીયરી બાબતનું પરીક્ષા લઈ મૂલ્યાંકન કરવામાં આવ્યું જેમાં ઉતીર્ણ થયા બાદ તેઓના પ્રમાણપત્ર વિતરણનો કાર્યક્રમ યુનીવર્સીટીના ડાયરેક્ટર પ્રો. ડી. ટી. કાપડિયાની અધ્યક્ષતામાં આયોજિત થયો હતો. યુનિ.ના પ્રેસિડેન્ટ વલ્લભભાઈ એમ પટેલ દ્વારા તમામ ઉતીર્ણ વિદ્યાર્થીઓને સફળતા માટે શુભકામના સંદેશ પાઠવવામાં આવ્યો હતો. કાર્યક્રમનું સંચાલન સર્ટીફીકેટ કોર્સના સંયોજક ડો.જયેશ તન્ના દ્વારા કરવામાં આવ્યું હતું. કોલેજના આચાર્ય ડો.રમાકાંત પૃષ્ટિ દ્વારા મુખ્ય અતિથી સહીત સૌને આવકારવામાં આવ્યા હતા. તેમણે કોર્સ શરુ કર્યા બાદના અનુભવની વિગતવાર માહિતી આપી હતી.સાથે સાથે વિદ્યાર્થીઓ તરફથી મળેલા અભૂતપૂર્વ પ્રતિસાદ બાબતે જણાવ્યું હતું કે આ કોર્સમાં જોડાયેલ વિદ્યાર્થીઓ પ્રથમ કોર્સ બાદ બીજા કોર્સમાં જોડાવા માટે પણ ઉત્સુક છે. આગામી સમયમાં એવિયેશન, વ્રીટન-મેનેજમેન્ટ, માર્કેટિંગ જેવા વિષય પર કોર્સ શરુ કરવામાં આવશે. વધુમાં તેઓએ જણાવ્યું હતુંકે નવી બેચની શરૂઆત પહેલા કોર્સના માળખામાં તેમજ કોર્સ માં પણ એક્સપર્ટ લોકો સાથે ચર્ચા કરી જરૂરી ફેરફાર કરી વિદ્યાર્થીઓ માટે બેસ્ટ "ગુલદસ્તા" સમાન કોર્સ તૈયાર કરવામાં આવશે.કાપડિયા સાહેબ દ્વારા કોલેજને સાંપ્રત સમયની માંગ મુજબનો સર્ટીફીકેટ કોર્સ શરુ કરવા બદલ તેમજ તેને યોગ્ય મુલ્યો પર યથાર્થ ઠેરવી પૂર્ણ કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. તેમજ યુનીવર્સીટી વિદ્યાર્થીઓને ત્રણ વર્ષમાં ફક્ત ડીગ્રી-સર્ટીફીકેટ નહિ પણ વિવિધ સર્ટીફીકેટકોર્સ, વર્કશોપ, સેમીનાર, ઈન્ટર્નશીપથી તૈયાર કરવા પર વિશેષ ભાર મુકે છે તેમ જણાવ્યું હતું. તેમજ આપણી યુનીવર્સીટી માં વિદ્યાર્થીના સર્વાંગી વિકાસ ને કેન્દ્ર માં રાખી વિવિધ કાર્યક્રમ થાય છે. અને વિદ્યાર્થીને ભગવાન સ્વરૂપ માની ભગવાનને શ્રેષ્ઠ અર્પણ થાય તેમાં કોઈ કચાશ ન રાખી શકાય એમ જણાવ્યું હતું.

# છગનભા વિજય પદ્મોત્સવમાં આર સી પટેલ સ્કૂલ ઝળકી





ગાંધીનગર, તા. ૨૭

સર્વ વિદ્યાલયના સ્થાપક પૂ. છગનભાની પુણ્યતિથિ નિમિત્તે યોજાયેલા ૨૮મા છગનભા વિજય પદ્મોત્સવ ૨૦૧૭માં શ્રીમતી આર સી પટેલ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ દ્વારા ઉત્તમ દેખાવ કરવામાં આવ્યો હતો.

વ્યક્તિગત સ્પર્ધામાં ૫ વિદ્યાર્થીઓ પ્રથમ, ચાર વિદ્યાર્થીઓ દ્વિતિય અને ૯ વિદ્યાર્થીઓ તૃતિય ક્રમે વિજેતા થયા છે. ટીમ ઈવેન્ટમાં ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં ભાઈઓએ પ્રથમ ક્રમ સાથે અને માધ્યમિક વિભાગમાં બહેનોએ એથ્લેટિક્સની સ્પર્ધામાં પ્રથમ ક્રમ મેળવી ચેમ્પિયનશીપ પ્રાપ્ત કરી છે. ઉચ્ચતર વિભાગની બૌદ્ધિક સ્પર્ધામાં છેલ્લાં બે વર્ષની માફક આ વખતે પણ શાળાએ પ્રથમ ક્રમ મેળવ્યો છે. કડી ગામે યોજાયેલી આ સ્પર્ધાઓમાં માર્ગદર્શક બનનારાં વિરાજબેન, સંજય ત્રિવેદી, પ્રવીણભાઈ અને શીતલબેન પ્રતિ શાળા પરિવારે અભિનંદનની લાગણી વહાવી હતી. ઉલ્લેખનીય છે કે ખેલ મહાકુંભમાં તાલુકા કક્ષાએ ઉત્તમ દેખાવ બદલ સ્કૂલને આ વર્ષે રૂપિયા પચીસ હજારનો રોકડ પુરસ્કાર પણ પ્રાપ્ત થયો છે.

# ધો. ૧૦માં અમદાવાદમાંથી ૬૬૦૦૦થી વધુ પરીક્ષાર્થી

ગાંધીનગર, તા. ૨૭

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવનારી ધો.૧૦ અને ૧૨ની પરીક્ષાના ફોર્મ ભરવાની પ્રક્રિયા પૂર્ણ થઈ ચુકી છે. ત્યારે અમદાવાદમાંથી ધો.૧૦માં ૬૬ હજાર અને ધો.૧૨ સાયન્સમાં ૧૧ હજાર જેટલા વિદ્યાર્થીઓએ ફોર્મ ભર્યા છે. સામાન્ય પ્રવાહ માટે હજુ પણ આગામી તા.૮મી જાન્યુઆરી સુધીમાં પરીક્ષાના ફોર્મ સ્વીકારવામાં આવશે. ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં પણ અત્યાર સુધીમાં અમદાવાદ શહેરમાંથી ૩૫ હજાર જેટલા વિદ્યાર્થીઓએ ફોર્મ ભરી દીધા છે.




(૧) કોમનવેલ્થ કુસ્તી ચેમ્પિયનશીપમાં કયા ભારતીય ખેલાડીએ ગોલ્ડ મેડલ જીત્યો હતો ?
(એ) સુશીલકુમાર
(બી) સુનીલકુમાર
(સી) બિપીનકુમાર
(ડી) અખિલકુમાર

(૨) તાજેતરમાં દુબઈ વર્લ્ડ સુપર સિરીઝ ફાઈનલ બેડમિંટન ટુર્નામેન્ટમાં કઈ ખેલાડીએ સિલ્વર મેડલ જીત્યો હતો ?
(એ) અશ્વિની પોનપ્પા (બી) સ્વાતિ શર્મા
(સી) નેહા સમ્રાટ (ડી) પી વી સિંધૂ

(૩) ૨૦૧૭માં ભારતે વુશુ સાંદા એશિયાઈ કપમાં કેટલા મેડલ પ્રાપ્ત કર્યા હતા ?
(એ) ૧૦ (બી) ૨૦
(સી) ૪ (ડી) ૮

(૪) ૨૦૧૭માં ભારતીય ક્રિકેટ ટીમે ત્રણ વન ડે મેચમાં કયા દેશને પરાજય આપી સિરીઝ ૨-૧થી જીતી હતી ?
(એ) દક્ષિણ આફ્રિકા (બી) શ્રીલંકા
(સી) પાકિસ્તાન (ડી) ઈંગ્લેન્ડ

(૫) ૨૦૧૭માં ભારતના કયા શહેરમાં 'રન ફોર લાડલી' હાફ મેરેથોન દોડ યોજાઈ હતી ?
(એ) નવી દિલ્હી (બી) પૂણે
(સી) કોચી (ડી) મુંબઈ

(૬) તાજેતરમાં વિશ્વ આરોગ્ય સંસ્થાએ કયા દેશને પોલિયોમુક્ત દેશ જાહેર કર્યો છે ?
(એ) નાઈઝીરીયા (બી) શ્રીલંકા
(સી) સોમાલિયા (ડી) ગૈબ્રાન

(૭) તાજેતરમાં કોમનવેલ્થ કુશ્તી ચેમ્પિયનશીપ કયા દેશમાં યોજાઈ હતી ?
(એ) કેનેડા (બી) સાઉથ આફ્રિકા
(સી) બ્રિટન (ડી) જ્યોર્જિયા

(૮) ઉપરાષ્ટ્રપતિ એમ વેંકૈયા નાયડુએ કયા શહેરમાં આયોજિત વિશ્વ તેલુગુ સંમેલનનું ઉદ્‌ઘાટન કર્યું હતું ?
(એ) પૂણે (બી) હૈદરાબાદ
(સી) રામેશ્વરમ (ડી) કોચી

(૯) ૨૦૧૭માં ભારત-બાંગ્લા મૈત્રી પાર્કનું ઉદ્‌ઘાટન તાજેતરમાં કયા મુખ્યમંત્રીએ કર્યું હતું ?
(એ) પવનકુમાર રામલિંગ (બી) માણેક સરકાર
(સી) પેમાજી ખાંડુ (ડી) એન બિરેનસિંહ

(૧૦) ૨૦૧૭માં નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલના નવા કાર્યવાહ અધ્યક્ષ પદે કોની વરણી કરવામાં આવી છે ?
(એ) રાજુ સાલ્વી (બી) દિનેશ સાલન
(સી) વિજય સાલ્વી (ડી) ઉમેશ સાલ્વી

# ભારતીય સેનાના સાઈકલિંગ સાહસ 'રણ-૫૦૦'નું પ્રસ્થાન





મેજર જનરલ અનિલ પુરી એસએમ વીએસએમ જનરલ ઓફિસર કમાન્ડિંગ ગોલ્ડન કટાર ડિવિઝન અને કર્નલ (શ્રીમતી) સોન્યા પુરીએ નેતૃત્વ પ્રદાન કર્યું

ભારતીય સેનાની ગોલ્ડન કટાર ડિવિઝન અને આર્મ્ડ ફોર્સીસ મેડિકલ કોલેજ (એએફએમસી) પૂણેનાં અધિકારીઓ અમદાવાદથી લખપત સુધી ૫૦૦ કિમીની લંબાઈની સાઈકલિંગનાં અભિયાન પર ૨૬ ડિસેમ્બર, ૨૦૧૭નાં રોજ અમદાવાથી નીકળીને અને લખપત (કચ્છનાં રણ) તરફ પ્રયાણ કર્યું છે. તેનો ઉદ્દેશ ગુજરાતનાં યુવાનોને સશસ્ત્ર દળોમાં જોડાવા આગળ આવવા માટે પ્રેરિત કરવાનો છે.

ભારતીય સેનાનાં સૈનિકો વચ્ચે સાહસ અને ભાગીદારીનો ઉત્સાહ આપણાં સશસ્ત્ર દળો માટે ગર્વની લાગણી પેદા કરશે અને યુવાનોમાં રાષ્ટ્રવાદની જ્યોત જગાવશે. એએફએમસીનાં કુલ ૨૭ કેડેટ (જેમાં ૦૬ મહિલા કેડેટ), ૦૪ ઈન્સ્ટ્રક્ટર્સ અને ૧૫ સાઈકલિસ્ટ ઈવેન્ટમાં ગોલ્ડ કટાર સાઈકલિંગ ક્લબનું પ્રતિનિધિત્વ કરશે. ઈવેન્ટમાં સ્વચ્છ ભારત તથા સ્વચ્છતા અને સાફસફાઈ અંગે જાગૃતિ પણ લાવવામાં આવશે, જેથી સારું સ્વાસ્થ્ય અને સુખાકારી સુનિશ્ચિત થાય.

આ અભિયાન 'રણ-૫૦૦'ને શાહીબાગ મિલિટરી સ્ટેશનમાં રાવ્લી સ્ટેડિયમમાંથી ૨૬ ડિસેમ્બર, ૨૦૧૭નાં રોજ પરોઢિયે લીલી ઝંડી આપવામાં આવી હતી.

ઈવેન્ટને લીલી ઝંડી આપતાં મેજર જનરલ અનિલ પુરી તેમની સાયકલ સાથે ટીમ સાથે જોડાયા હતાં, જેનું નેતૃત્વ ગોલ્ડન કટાર ફેમિલી વેલ્ફેર ઓર્ગેનાઈઝેશનનાં કર્નલ (શ્રીમતી) સોન્યા પુરીએ કર્યું હતું.

આ સાહસિક ટુકડી અમદાવાદથી લખપત વચ્ચે ૦૩ દિવસમાં ૫૦૦ કિમીનું અંતર કાપશે.